EDII

Divya Bhaskar

December 06, 2023
Page No.6

## બાળકોની ગ્લોબલ સમિટમાં 39 દેશના 500 સુપરહીરો જોડાયા

# તમારી જાતને માણો, ઓળખો અને ક્ષમતા મુજબ ઘણું બધું શીખો : વિશ્વનાથન આનંદ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ



બાળકોની ક્ષમતાને બહાર લાવવા, તેમની સિદ્ધિઓની ઉજવણી કરવાનો અને 'આઈ કેન (હું કરી શકું છું)' માન્યતાને પ્રોત્સાહન આપવા શહેરમાં ચિલ્ડ્રન્સ ગ્લોબલ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ખાતે બાળકો દ્વારા, બાળકો માટેની આ ગ્લોબલ ઈવેન્ટમાં 39 દેશોનું પ્રતિનિધિત્વ કરતાં 500થી વધુ યુવા સુપરહીરો જોડાયા હતા. આ સમિટના ઉદ્ઘાટન પ્રસંગે ચેસના ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથન આનંદ, સોશિયલ આંત્રપ્રિન્યોર અને ટીચ ફોર ઈન્ડિયાના ફાઉન્ડર શાહીન મિસ્ત્રી તથા અંડર 25 સમિટના કો-ફાઉન્ડર એન્ટો ફિલિપ સહિતના અન્ય નિષ્ણાતો હાજર રહ્યા હતાં. વિશ્વનાથન આનંદે જણાવ્યું કે, માહોલને સકારાત્મક રાખવું મહત્વપૂર્ણ છે જે તમને ગ્રોથ માટે પ્રોત્સાહિત કરે છે. સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે આ એક ઉત્તમ સ્થળ છે અને આ ઈવેન્ટમાં દરેક વ્યક્તિમાં જુસ્સો અને આનંદ જોવા મળ્યો છે. બાળકોને સંદેશ આપતા આનંદે જણાવ્યું કે, તમે તમારી જાતને માણો, ઓળખો અને તમારી ક્ષમતા મુજબ મન ખુલ્લુ રાખી ઘણું બધુ શીખો. વધુમાં નિષ્ણાતો દ્વારા માસ્ટરક્લાસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તેની સાથે જ ભારત અને વિદેશના કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી.